પારડી દમણીઝાંપા હાઇવે પર અકસ્માત, યુવાનોનો ચમત્કારિક બચાવ

પારડીઃ પારડી દમણીઝાંપા હાઇવે પર કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પારડી ને.હા.નં. 48 દમણીઝાંપા મોહનદયાળ હોસ્પિટલ સામે વલસાડથી વાપી જતા ટ્રેક પર કાર નં. જી.જે. 21 એ.એ. 0750 માં 3 યુવાનો મિત્રની બર્થડેમાં જતા હતાં. દરમિયાન ટ્રક (નં. GJ 23 AW 3095)ના ચાલકે કારને ટક્કર મારતા પલટી ગઈ હતી. આ અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કારમાં સવાર યુવાનો ભદ્રેશ બારોટ, નીલ રાઠોડ, બ્રિજેશ રાઠોડ (તમામ રહે., ચીખલી) ને બહાર કાઢ્યા હતા. તેઓનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માત સર્જી ટ્રક ચાલક સ્થળ પરથી ફરાર થઇ ગયો હતો. ઘટના સ્થળે પોલીસ દોડી આવી ક્રેનની મદદે વાહનોને સાઇડે કરવામાં આવ્યા હતાં.

બોલો, વલસાડ પાલિકાનું રૂ.165 કરોડનું બજેટ વિના ચર્ચાએ મંજૂર!

બજેટની ખાસ સામાન્ય સભામાં સફાઇનો પ્રશ્ન ગાજ્યો હતો, કેટલાક સભ્યોએ રસ્તાનો પ્રશ્ન પણ ઉઠાવ્યો

વલસાડઃ વલસાડ નગરપાલિકાની બજેટ માટેની ખાસ સામાન્ય સભામાં પાલિકાનું આગામી વર્ષ 2026-27નું રૂ. 36.73 કરોડની પૂરાંતવાળું રૂ. 165.04 કરોડનું બજેટ કોઈ પણ જાતની ચર્ચા વિના મંજૂર થઈ ગયું હતું. આ બજેટની સભામાં બેસેલા મહત્તમ સભ્યોને બજેટ કેટલા રૂપિયાનું છે, તેની પણ જાણ ન હોવાનું સોશ્યલ મિડિયા પર ચાલતા વિડીયોમાં જોવા મળ્યું હતું.

બજેટની સામાન્ય સભા વલસાડ પાલિકાના પ્રમુખ માલતીબેન ટંડેલના અધ્યક્ષસ્થાને અને ચીફ ઓફિસરની ઉપસ્થિતિમાં મળી હતી. સભાનો સમય 11.30 નો રાખવામાં આવ્યો હતો. તેમ છતાં 11.40 સુધી પ્રમુખ અને ચીફ ઓફિસર આવ્યા ન હોય ભાજપના સભ્ય નિતેષ વશીએ આ સભા ચલાવવા માટે જેસ્ટિકા પટેલને પ્રમુખ બની સભા ચલાવવાનો પ્રસ્તાવ મુક્યો હતો. જેને મહત્તમ સભ્યોએ વધાવી લીધી હતી. જોકે, ત્યારબાદ માલતીબેન આવી જતાં તેમણે સભા ગેરકાયદે હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ આ સામાન્ય સભામાં સભ્યો દ્વારા સફાઇ યોગ્ય રીતે થતી જ ન હોવાની બૂમરાણ ઊઠી હતી. મહિલા સભ્ય જ્યોત્સનાબેને જણાવ્યું કે, તેમના ઘરનો જ કચરો 8 દિવસથી ઉપાડાયો ન હતો. જેના જવાબમાં ચીફ ઓફિસરે જણાવ્યું કે, કોન્ટ્રાક્ટરને નોટિસ આપી છે. તેમજ તેને બ્લેક લિસ્ટ કરવાની કામગીરી કરવામાં આવશે. તેમજ આગામી એપ્રિલની સામાન્ય સભામાં ફરીથી તેનું ટેન્ડર બહાર પડાશે. આ સિવાય સભામાં ભાજપના જ સભ્ય અમિત દેસાઇએ પાલિકાની પાણીની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે વોટર સમિતિના અધ્યક્ષપદેથી આગલા દિવસે જ રાજીનામું આપી દીધું હતું. આ સભામાં એમજી રોડ પર માર્જીન છોડ્યા વિના જ મોટા શો રૂમ બની જતાં હોવાની રજૂઆતો પણ અનેક સભ્યોએ કરી હતી.

પીગળતા રસ્તા, બિસમાર માર્ગનો મુદ્દો ચર્ચાયો

સભામાં રોડ કોન્ટ્રાક્ટર દુબેની કામગીરી ખૂબ જ ખરાબ હોવાની રજૂઆત સભ્યોએ કરી હતી. તેમણે કોન્ટ્રાક્ટરના નામજોગ ફરિયાદ કરી થોડી ગરમીમાં જ રોડ પીગળી રહ્યા હોવાની રજૂઆત કરી હતી તેમજ કેટલાક વિસ્તારમાં ખોદાયેલા રોડ અત્યંત જોખમી હોવાની વાત પણ થઇ હતી.

શોપિંગ સેન્ટરની આવકમાં સૌથી વધુ વધારો

બજેટમાં ગત વર્ષના બજેટની સરખામણીએ આવક વિભાગમાં સૌથી વધુ વધારો શોપિંગ સેન્ટરના ભાડાનો દર્શાવ્યો છે. આ ભાડુ રૂ. 30 લાખથી વધીને રૂ. 90 લાખ થઇ જશે. આગામી વર્ષમાં પાલિકાના પાર્કિંગ પ્લોટમાં બનાવાયેલા શોપિંગ સેન્ટરનો નિકાલ આવે એવું લાગી રહ્યું છે. આ સિવાય જૂના સ્ટોરના વેચાણમાં પણ ભારે વધારો દર્શાવ્યો છે. જેની આવક રૂ. 72 હજારથી રૂ. 95 લાખ થઇ જશે. જ્યારે અન્ય આવકોમાં નજીવો વધારો દર્શાવ્યો છે. આગામી વર્ષમાં નવા શાકભાજી માર્કેટના નિર્માણનો રૂ.13.14 કરોડનો જંગી ખર્ચ દર્શાવ્યો છે તેમજ રૂ.2.5 કરોડનો ખર્ચ નવા વાહનોની ખરીદી માટે દર્શાવ્યો છે.

એક જ સરનામે અનેક મતદારોના નામ નોંધાયાનો કોંગ્રેસનો આક્ષેપ

ધરમપુર તાલુકામાં તપાસની માંગ, બોગસ મતદારોને તાત્કાલિક રદ કરો

ધરમપુરઃ ધરમપુર તાલુકામાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં ગંભીર ગડબડ થયાનો આક્ષેપ કરીને તાલુકા કોંગ્રેસ સમિતિએ ચૂંટણી તંત્ર સામે કડક સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના આગેવાનોના જણાવ્યા મુજબ, એક જ સરનામે સેંકડો મતદારો નોંધાતા સમગ્ર પ્રક્રિયાની પારદર્શિતા પર સવાલો ઊભા થયા છે અને ચૂંટણી વ્યવસ્થાની નિષ્પક્ષતા અંગે શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલે જણાવ્યું હતું કે, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની સીટોના ફેરફાર અને નવનીકરણ અંગે હજુ સુધી સ્પષ્ટતા કરવામાં આવી નથી, જેના કારણે મતદારોમાં ગૂંચવણ અને અસંતોષ ફેલાયો છે. તેમણે આ સમગ્ર પ્રક્રિયાને ભાજપની રાજકીય રણનીતિ ગણાવી ચૂંટણી તંત્ર પર દબાણ હોવાની પણ શંકા વ્યક્ત કરી હતી.

કોંગ્રેસ દ્વારા અગાઉ પણ પ્રાંત કચેરીએ રજૂઆત કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ પગલાં ન લેવાતા કાર્યકરોમાં રોષ ફેલાયો હોવાનું જણાવાયું છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ વી. પટેલ અને મહામંત્રી મુફીદ આર. પઠાણે મુખ્ય ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરી સમગ્ર મામલે ઊંડી તપાસ કરવાની માંગ કરી છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ મોહનગઢ વિસ્તારમાં મોહનગઢ-૨ માં ૧૨૫ અને મોહનગઢ-૪માં ૪૩૧ એમ કુલ ૫૫૬ જેટલા મતદારો એક જ સરનામે "શ્રીમદ રાજચંદ્ર આશ્રમ"ના નામે નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત મેરણાધાર સહિતના વિસ્તારોમાં પણ શંકાસ્પદ રીતે મતદારો નોંધાયા હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

કોંગ્રેસે ચેતવણી આપી છે કે, સમગ્ર મામલે પારદર્શક તપાસ કરી બોગસ મતદારોને તાત્કાલિક રદ કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં ગાંધીચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન હાથ ધરવામાં આવશે.

સંક્ષિપ્ત સમાચાર

દમણ કચીગામ પંચાયતના સરપંચનું દિલ્હીમાં રાષ્ટ્રીય પરિષદમાં સન્માન

દમણઃ સંઘપ્રદેશ દમણના કચીગામ ગ્રુપ ગ્રામ પંચાયતના મહિલા સરપંચનું નવી દિલ્હી સ્થિત આયોજિત રાષ્ટ્રીય પરિષદમાં સન્માન કરવામાં આવ્યું છે. પંચાયતી રાજ મંત્રાલય દ્વારા દેશના પંચાયતના ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિ અને સંયુક્ત રાષ્ટ્ર એજન્સીના પ્રતિનિધિઓ માટે એક દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં 700થી વધુ સહભાગીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં દમણ કચીગામના સરપંચ ફાલ્ગુનીબેન પટેલને પંચાયત માટે તેમના ઉમદા અને ઉત્કૃષ્ટ કાર્ય બદલ કેન્દ્રીય પંચાયતી રાજના મંત્રી રાજીવ રંજન સિંહ (લલન સિંહ)ના હસ્તે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિવેક ભારદ્વાજ, મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કછોલીની મૂકબધિરની શાળાને એસબીઆઇની બે લાખની સેનેટરી બ્લોકની સહાય

બીલીમોરાઃ CSR (સમાજ ના વિકાસ અને કલ્યાણ માટેની ગ્રાન્ટ)ની પ્રવૃત્તિ અંતર્ગત ગણદેવીના કછોલીની મુકબધીર કન્યા સંકુલને ગણદેવીની સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની શાખા દ્વારા રૂ.૨ લાખના ખર્ચે ૧૭ સેનેટરી બ્લોકનું નવીનીકરણ અને રિપેરિંગ કામ હાથ ધરાયું હતું. આ પ્રસંગે બેંકના પ્રબંધક જીતેન્દ્ર કુંભાણી સાથે બેંકનો સ્ટાફ હાજર રહ્યો હતો. જે માટે નિવાસી શાળાના સ્ટાફ તથા સંચાલકોએ ગણદેવીની સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની આ મદદને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

વાપી રોફેલ ફાર્મસી કોલેજને પેટન્ટ ગ્રાન્ટ મળી

વાપીઃ વાપી સ્થિત રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીની રોફેલ જી.એમ. બિલાખીયા કોલેજ ઓફ ફાર્મસીના વિદ્યાર્થીને A Gefitinib Loaded Metallic Nanoparticle Formulation નામના શીર્ષક હેઠળના કાર્યને પેટન્ટ ગ્રાન્ટ મળી છે. આ પેટન્ટ માટેની અરજી એમ. ફાર્મનો વિદ્યાર્થી જયસ્વાલ વિકાસ તેમજ કોલેજના પ્રાધ્યાપક ડો.કોમલ પરમાર દ્વારા ભારત સરકાર પેટન્ટ કાર્યાલય (Intellectual Property of India : Patents Trademarks Geographical Indications)માં કરવામાં આવી હતી અને આ પેટન્ટ ગ્રાન્ટ તરીકેની મંજૂરી મળી છે. આ પેટન્ટ કાર્ય સંશોધન ફેફસાના કેન્સરમાં વપરાતી દવા Gefitinibનું ફોરમ્યુલેશન બદલી એની લક્ષ્ય ક્ષમતા તેમજ ઉપયોગીતામાં વધારો કરવા સક્ષમ રહી છે. આ પેટન્ટ ગ્રાન્ટ મેળવવા બદલ સંશોધકોને આચાર્ય એવમ ડીન ડો.અરિન્દમ પાલ, રોફેલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, યુનિવર્સિટીના પ્રેસિડન્ટ રોટેરિયન ભરત પટેલ, પ્રો.વોસ્ટ. ડો. વિકાસ દેસાઈ તથા ઈન્ચાર્જ રજિસ્ટ્રાર ડો. પ્રિયકાંત વેદે અભિનંદન આપ્યા હતા.

પારડી સાંઢપોરના શિક્ષિકાએ પાવર લિફ્ટિંગમાં રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ મેળવ્યો

વલસાડઃ અખિલ ભારતીય મુલ્કી પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં પારડી સાંઢપોર પ્રાથમિક શાળાના શિક્ષિકા મેઘા પાંડેએ મહિલા દિવસે ચંદીગઢમાં યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવી સમગ્ર વલસાડ તેમજ ગુજરાત રાજ્ય સેક્રેટરિયેટ તરફથી ગુજરાતનું નામ ગૌરવપૂર્વક રોશન કર્યું છે. તેમની આ સિદ્ધિ પાછળ તેમના અનુભવી અને સમર્પિત ગુરુ રોન આલ્મેડાનું વિશેષ માર્ગદર્શન રહ્યું છે. મેઘા પાંડેની સફળતા પાછળ તેમના પતિ પ્રજ્ઞેશ પાંડેનો અવિરત સહકાર, પ્રોત્સાહન અને મજબૂત સાથ પણ એટલો જ મહત્ત્વપૂર્ણ રહ્યો છે.

ઝરીયાના દિવ્યેશ ચૌધરી જીપીએસસી પાસ કરી ક્લાસ-2 અધિકારી બન્યા

ધરમપુરઃ ધરમપુર તાલુકાના ઝરીયા ગામના કોંકણા આદિવાસી સમાજના દિવ્યેશ જાનુભાઈ ચૌધરીએ જીપીએસસી પરીક્ષા પાસ કરીને ક્લાસ-2 અધિકારી તરીકે નિમણૂક મેળવી છે. સામાન્ય આદિવાસી પરિવારમાં જન્મેલા દિવ્યેશે આર્થિક મુશ્કેલીઓ વચ્ચે અભ્યાસ ચાલુ રાખ્યો હતો. અભ્યાસ સાથે ખેતીકામમાં પરિવારને મદદ કરતાં અને ગાયોના દૂધ વેચાણ દ્વારા ચાલતા પરિવારમાં મહત્ત્વનો સહારો બનતા હતાં. મર્યાદિત સાધનો હોવા છતાં દિવ્યેશે સંકલ્પ અને સતત પ્રયત્નોથી મોટી સફળતા પ્રાપ્ત કરી છે.

વલસાડ નગરપાલિકના ટાઉન પ્લાનિંગ અને વોટર વર્કસ ચેરમેનનું રાજીનામું

વલસાડઃ વલસાડ શહેરના રાજકારણમાં આજે ત્યારે ખળભળાટ મચી ગયો જ્યારે નગરપાલિકાના મહત્ત્વના ગણાતા ટાઉન પ્લાનિંગ અને વોટર વર્કસ સમિતિના ચેરમેન અમિત દેસાઈએ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપતા શાસક પક્ષ ભાજપમાં ભારે ચર્ચાઓ જાગી છે.

અમિત દેસાઈએ જણાવ્યું છે કે, તેઓ હાલ વ્યક્તિગત કામોમાં વ્યસ્ત હોવાથી જવાબદારી નિભાવી શકે તેમ નથી. તેમના દ્વારા અચાનક લેવાયેલા આ નિર્ણયથી પાલિકાના આંતરિક રાજકારણમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. શું આ ખરેખર વ્યક્તિગત કારણ છે કે પછી પક્ષમાં ચાલી રહેલી કોઈ આંતરિક ખેંચતાણનું પરિણામ? તે અત્યારે શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. ખાલી પડેલી જગ્યાઓ પર કોની વરણી થશે અને અમિત દેસાઈનું આગામી પગલું શું હશે તેના પર સૌની નજર ટકેલી છે.

આશ્રમ શાળા કર્મચારીઓને હવે અવસાન કિસ્સામાં

આશ્રિત કુટુંબોને ઉચ્ચક નાણાકીય સહાય મળશે

વલસાડ જિલ્લાના 400 કર્મચારીઓ મળી રાજ્યના 6 હજાર કર્મચારીઓને લાભ મળશે

વલસાડઃ ગુજરાત રાજ્યના આશ્રમશાળા કર્મચારીઓને હવે અવસાન કિસ્સામાં આશ્રિત કુટુંબોને ઉચ્ચક નાણાકીય સહાય મળશે. વલસાડ જિલ્લાની 50 આશ્રમશાળા અને 4 ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના 400 કર્મચારીને પણ આ યોજનાનો લાભ મળી શકશે. ગુજરાત રાજ્ય આશ્રમ શાળા કર્મચારી સંઘ દ્વારા આ મુદ્દે સરકાર સમક્ષ સતત રજૂઆતો કરાતી હતી. જોકે અંતે સરકાર દ્વારા આ પ્રશ્નનું સુખદ નિરાકરણ લાવવામાં આવ્યું છે. આ મહત્ત્વપૂર્ણ નિર્ણયથી રાજ્યભરની ગ્રાન્ટ ઇન એઈડ આશ્રમ શાળાઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓમાં આનંદની લાગણી જોવા મળી છે. નોંધનીય છે કે સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. 5.7.2011ના ઠરાવ મુજબ કર્મચારીના અવસાનના કિસ્સામાં તેમના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. જોકે રાજ્યભરની આશ્રમ શાળાઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓના ચાલુ નોકરી દરમ્યાન અવસાન થવાના કિસ્સામાં તેમના આશ્રિત કુટુંબને સરકાર દ્વારા ઉચ્ચક નાણાકીય સહાય મળવાની જોગવાઈ અમલમાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ કર્મચારીના અવસાનના કિસ્સામાં તેમના આશ્રિતને રહેમ રાહે નોકરી આપવાની જોગવાઈ હતી. પરંતુ સરકાર દ્વારા આ જોગવાઈ રદ કરી તેના સ્થાને ઉચ્ચક નાણાકીય સહાય યોજના અમલમાં મૂકવામાં આવી હતી. ગુજરાત રાજ્ય આશ્રમ શાળા કર્મચારી સંઘના કાર્યકારી પ્રમુખ યોગેશ પટેલે જણાવ્યું હતું કે, સંઘના સતત પ્રયત્નો અને રજૂઆતોના પરિણામે લાંબા સમયથી પડતર રહેલા આ પ્રશ્નનું નિરાકરણ આવ્યું છે.

માત્ર 10 રૂપિયામાં વાપી સિટી બસ સેવાનો મળશે લાભ

આવતીકાલથી વાપી મનપા 11 ગામને સાંકળી લઈને 12 રૂટ પર સેવાનો આરંભ કરશે

વાપીઃ વાપી મહાનગરપાલિકા દ્વારા પીપીપી હેઠળ સિટી બસ સેવા શરૂ કરનાર છે. સંભવતઃ ૧૪ માર્ચ શનિવારથી આ સિટી બસ સેવા શરૂ થાય તેવી સંભાવના છે. વાપી મનપાએ એક એજન્સીને આ બસ સેવા માટે રોકી છે જે આ સિટી બસ સેવાનું સંચાલન કરશે.

વાપી મહાનગરપાલિકાનાં મુખ્ય વિસ્તારો તથા ૧૧ ગામ જે હવે મનપાનો વિસ્તાર છે. તે તમામ ગામોનાં વિસ્તારનાં લોકોને આ સુવિધા ખૂબ નજીવા દરે મળી શકશે. પ્રથમ તબકકમાં કુલ ૨૦ સી.એન.જી. બસોનું આયોજન કર્યું છે. હાલ મહાનગરપાલિકાના તમામ વિસ્તારોનો સમાવેશ કરી કુલ ૧૨ રૂટ ઉપર સિટીબસ સુવિધા શરૂ કરવામાં આવશે. આ તમામ રૂટ ઉપર બસો સવારે ૭:૦૦ કલાકથી રાત્રે ૧૧:૦૦ કલાક સુધી નિયમિત રીતે દૈનિક ચલાવવામાં આવશે. તમામ રૂટ પર બસ ભાડું મહત્તમ ૧૦ રૂપિયા લેવામાં આવશે. આ કામે વાપી મહાનગરપાલિકા દ્વારા "VAPI CITY BUS SERVICE" ના નામે મોબાઈલ એપ્લિકેશન એન્ડ્રોઇડ અને આઇઓએસ મોબાઈલ માટે બનાવી છે. જેમાં તમામ રૂટની વિગતો, ટિકિટ બુકિંગ, મંથલી પાસ બુકિંગ, બસનું લાઈવ ટ્રેકિંગ સહિત તમામ સુવિધાઓ ઉપલબ્ધ થશે.

આ ૧૨ રૂટ ઉપર દોડશે મનપાની સિટી બસ

રૂટ નં.૧ વાપી રેલ્વે સ્ટેશન(ઈસ્ટ) થી જી.આઈ.ડી.સી. થર્ડ ફેસ, રૂટ નં.૨ વાપી રેલ્વે સ્ટેશન(ઈસ્ટ) થી દાદરા ચેક પોસ્ટ, રૂટ નં.૩ વાપી રેલ્વે સ્ટેશન(ઈસ્ટ) થી છીરી, રૂટ નં.૪ વાપી રેલ્વે સ્ટેશન(વેસ્ટ)થી ડાભેલ ચોકડી, રૂટ નં.૫ વાપી રેલ્વે સ્ટેશન(વેસ્ટ)થી રાફેલ કોલેજ, નામધા, ચંડોર, કાચીગામ ગેટ, રૂટ નં.૬ વાપી રેલ્વે સ્ટેશન(ઈસ્ટ)થી જી.આઈ.ડી.સી. ચાર રસ્તા, ભડકમોરા, કે.બી. એસ.કોલેજ, સરદાર ચોક, ગુંજન ચાર રસ્તા, રૂટ નં.૭ વાપી રેલ્વે સ્ટેશન(ઈસ્ટ) થી શુભમ એપાર્ટમેન્ટ (બગવાડા ટોલ પ્લાઝા), રૂટ નં.૮ વાપી રેલ્વે સ્ટેશન(ઈસ્ટ) થી રાતા ખાડી, રૂટ નં.૯ વાપી રેલ્વે સ્ટેશન(ઈસ્ટ)થી તંબાડી ફાટક,રૂટ નં.૧૦ વાપી ટાઉન પોસ્ટ ઓફીસ(વેસ્ટ)થી ડાભેલ ચોકડી, કુંતા, વટાર, મોરાઈ, વેલસ્પન ઇન્ડસ્ટ્રીસ, મેરિલ, વાપી ટાઉન પોસ્ટ ઓફીસ (વેસ્ટ) રૂટ નં.૧૧ વાપી ટાઉન પોસ્ટ ઓફીસ(વેસ્ટ)થી મેરિલ, વેલસ્પન ઇન્ડસ્ટ્રી, મોરાઈ, વટાર, કુંતા, ડાભેલ ચોકડી, વાપી ટાઉન પોસ્ટ ઓફીસ (વેસ્ટ), રૂટ નં.૧૨ વાપી રેલ્વે સ્ટેશન(ઈસ્ટ)થી શ્રી મહાલક્ષ્મી માતા મંદિર, સલવાવ.

વાપીમાં પિતાની હત્યાના ગુનામાં આરોપી પુત્રના જામીન નામંજૂર

વાપીઃ વાપીના ડુંગરા વિસ્તારમાં આરોપી આનંદ ઉર્ફે જીતુ સુરેશભાઈ ઝાએ તેની પત્નીની છેડતીની જૂની અદાવત રાખીને તેના પિતા સુરેશ પીતાંબર ઝા પર પથ્થર વડે જીવલેણ હુમલો કરી તેમની કરપીણ હત્યા નીપજાવી હતી. આ કેસમાં આરોપી આનંદ ઉર્ફે જીતુ ઝાએ કોર્ટમાં જામીન અરજી કરી હતી. આ જામીન અરજીની સામે કોર્ટમાં સરકાર પક્ષે એવી દલીલ કરવામાં આવી હતી કે જો આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવશે, તો તે સાક્ષીઓ તેમજ પંચોને ધાક-ધમકી આપી પુરાવા સાથે છેડછાડ કરી શકે છે. વળી, આરોપી મૂળ બિહારનો હોવાથી ટ્રાયલ દરમિયાન તે નાસી છૂટે શકે છે. એજીપી રાકેશ ચાંપાનેરીયાની દલીલોને ગ્રાહ્ય રાખીને વાપીના થર્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ પુષ્પાબેન સૈનીએ આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

ટ્રાફિક પોલીસની કામગીરીને રોકડી કરવા નીકળ્યા

દમણમાં ટ્રાફિક દંડને 'કેશ' કરવા સાયબર ઠગો સક્રિય

લોકોના વોટ્સએપ પર ટ્રાફિકના ઉલ્લંઘનના મેસેજ મોકલી દંડની રકમ વસૂલવાની જાળ

દમણઃ દમણમાં ઘણાખરા લોકોના મોબાઈલ ફોન પર સાયબર ગઠિયાઓ વોટ્સએપ પર ટ્રાફિક નિયમનનું ઉલ્લંઘન કર્યું હોય અને દંડની રકમ ઈ-ચલણ નામની એપ થકી ભરપાઈ કરવાના મેસેજ મોકલી લોકો સાથે છેતરપિંડીનું જાળ ગુંથી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

અગાઉ આર.ટી.ઓ. ઈ ચલણ એપ્લિકેશન થકી ગુજરાતથી લઈને દેશના અન્ય રાજ્યોમાં સાયબર ગઠિયાઓનો લોકો ભોગ બન્યા હતા. ત્યારે હાલમાં જ દમણમાં ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમનનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકોને દંડ ફટકારવાનું કાર્ય કરી રહ્યું છે. જેનો સીધો લાભ સાયબર ગઠિયાઓ લેવાની ફિરાકમાં હોય એમ હાલના દિવસોમાં પ્રદેશના ઘણાખરા લોકોના વોટ્સએપ મોબાઈલ ફોન પર ટ્રાફિક નિયમનનું ઉલ્લંઘન કર્યું હોય એવા ગાડી નંબર સાથે મેસેજ આવી રહ્યા છે. જેમાં ગાડી નંબર અને ચલણ નંબર સાથે દંડની રકમ જણાવવામાં આવે છે અને દંડની રીસીપ્ટ અને ફોટોનું પ્રમાણપત્ર જો આપને જોઈતું હોય તો મેસેજની નીચે એક ઈ-ચલણ રિપોર્ટ નામની એ.પી.કે. ફાઈલ ડાઉનલોડ કરવા નિર્દેશ આપવામાં આવ્યો હોય છે. જો કે, આ પ્રમાણેની એપ ડાઉનલોડ થયા બાદ ઈન્સ્ટોલ થતાંની સાથે જ જે તે વ્યક્તિનું બેંક એકાઉન્ટ ખાલી થઈ જતું હોય છે. જો કે, અત્યાર સુધી દમણ પોલીસ વિભાગને પ્રદેશના કોઈ લોકો આવા ફ્રોડ મેસેજો થકી હાલના દિવસોમાં છેતરાયું હોય એવી એક પણ ફરિયાદ મળવા પામી નથી. પરંતુ જે પ્રમાણે સાયબર ગઠિયાઓ દ્વારા લોકોને મેસેજ મોકલવામાં આવી રહ્યા છે, તે જોતાં પોલીસે આવા કોઈપણ મેસેજને ગંભીરતાથી ન લેવા, કોઈપણ અજાણી લિંક પર ક્લિક કરી રૂપિયાની ચૂવણી ન કરવા તથા જે નંબર પરથી આવા મેસેજ પ્રાપ્ત થાય છે તેવા નંબરની ફરિયાદ આપવાની સાથે આવા નંબરને બ્લોક કરવા અપીલ કરી છે.

પારડીમાં પરિણીત મહિલાના મોર્ફ ફોટા વાયરલ કર્યા

પારડીઃ પારડીમાં ૩૦ વર્ષીય પરિણીતાના ફોટા સાથે છેડછાડ કરી તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરી બદનામ કરનાર અજાણ્યા શખ્સ વિરુદ્ધ પારડી પોલીસમથકે મહિલાએ ફરિયાદ કરી છે. અજાણ્યાએ મહિલાના વોટ્સએપ પર બિભત્સ લખાણ મોકલવાનું શરૂ કર્યું હતું. અન્ય મહિલાના નગ્ન ફોટામાં ભોગ બનનારનો ચહેરો એડિટ કરી તેને મહિલાની નણંદ અને સગા-સંબંધીઓને મોકલી આપ્યા હતા. એટલું જ નહીં, આરોપીએ ૧૨ જેટલા અલગ-અલગ મોબાઈલ નંબરો અને ૭ ઈન્સ્ટાગ્રામ આઈડીનો ઉપયોગ કરી પરિણીતા તેમજ તેની નણંદ અને ભત્રીજીના ફોટા પર અભદ્ર ટિપ્પણીઓ કરી તેને વાયરલ કર્યા હતા. આરોપી મહિલાનો પીછો કરી તેની અવરજવર પર પણ નજર રાખતો હોવાનું બહાર આવ્યું છે.

વેચાણ અંગેની જાહેર નોટીસ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે :-

જી. નવસારી, તા. નવસારીના મોજેઃ મોગાર ગામના ખાતા નં. ૮૬૪ ના બ્લોક/સર્વે નં. ૬૧/૨, ક્ષેત્રફળ ૦-૧૩-૧૫ હે.આરે.ચો.મી. પૈકી ૦-૦૬-૫૭.૫ હે.આરે.ચો.મી., આકાર રૂા. ૧.૬૨ પૈસા વાળી ખેતીની જમીન મહેશભાઈ રઘાભાઈ, સુશીલાબેન રઘાભાઈ વિગેરેનાઓના સંયુક્ત નામે ચાલી આવેલ છે. તેઓ પૈકી મહેશભાઈ રઘાભાઈ તથા સુશીલાબેન રઘાભાઈનાઓએ સદર જમીન પૈકી પોતાના વણવહેંચાયેલા હિસ્સાની જમીન હમારા અસીલને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ હોવાની જણાવી વેચાણ આપવાનું નક્કી કરેલ છે, તેમજ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી ટૂંક સમયમાં કરી લેનારછે આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્વયે કોઈનો કોઈપણ જાતની સોદા-ચિઠ્ઠી, કોઈપણ જાતનું લખાણ કે કરાર કરવામાં આવેલ હોય તથા કોઈપણ વ્યક્તિ ઈસમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૧૦ (દસ) માં હમોનો નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે, ખાતરી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

મારી સૂચના મુજબ
તા. ૧૨-૦૩-૨૦૨૬

મારી મારફત, **પિયુષ પી. રાઠોડ**
(તે ખરીદ કરનારના એડવોકેટ)

રહે. આમડપોર, તા. જી. નવસારી-૩૯૬૪૪૫. મો. ૮૮૬૬૫૪૧૪૬૩

EKLAVYA MODEL RESIDENTIAL SCHOOL
SAPUTARA,AHWA,DANG(GUJARAT)

LATERAL ENTRY ADMISSION 2026-2027

★ Golden Opportunity for ST Students! ★

Apply for admission in:
Class 7, 8, and 9

PM SHRI EMRS SAPUTARA

Vacancy Details			
Class	Boys	Girls	Total
VII	15	07	22
VIII	01	00	01

* For class IX, currently there is no vacancy, however, if an existing student leaves the school, eligible candidate will be called for admission.

Eligibility Criteria
- Candidate must belong to Scheduled Tribe (ST) category
- As per NESTS/EMRS Guidelines

Mode of Admission
- Written Test: EMRSLT 2026
- Based on Previous